

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

કોરોનાની ત્રીજી લહેર પ્રારંભિક તબક્કામાં

ડેલ્ટા વેરિયન્ટ ઘાતક : ભારતમાં કોરોનાની ત્રીજી લહેરની આશંકા ત્યાં ડબલ્યુએચઓની ચેતવણી : ડેલ્ટા વેરિએન્ટ હવે વિશ્વના ૧૧૧ દેશોમાં પહોંચ્યો, અમને શંકા છે કે આ જલદી દુનિયામાં કોરોના સંક્રમણનો સૌથી ઘાતક સ્ટ્રેન સાબિત થશે : ટેડ્રોસ

જિનેવા, તા.૧૫

ભારતમાં ભલે કોરોનાની ત્રીજી લહેરની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે તે આવી ગઈ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધાનોમ ગેબ્રેયેસસે બુધવારે કહ્યુ કે, કોરોનાની ત્રીજી લહેર પોતાના શરૂઆતી તબક્કામાં છે. વિશ્વમાં કોરોનાના કેસ અને મોતના વધી રહેલા આંકડાને લઈને તેમણે આ વાત કહી છે. ટેડ્રોસે કહ્યુ- દુર્ભાગ્યથી આપણે કોરોના સંક્રમણની ત્રીજી લહેરના શરૂઆતી તબક્કામાં છીએ. વિશ્વમાં કોરોના સંકટનો સામનો કરવા બનેલી ઈમરજન્સી કમિટીને સંબોધિત કરતા ડબલ્યુએચઓ પ્રમુખે આ વાત કહી છે.

ટેડ્રોસે કહ્યુ- ડેલ્ટા વેરિએન્ટ હવે વિશ્વના ૧૧૧ દેશોમાં પહોંચી ચુક્યો છે. અમને આશંકા છે કે આ જલદી દુનિયામાં કોરોના સંક્રમણનો સૌથી ઘાતક સ્ટ્રેન સાબિત થશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અધ્યક્ષે કહ્યુ કે કોરોના વાયરસ સતત પોતાનું રૂપ બદલી રહ્યો છે અને ખતરનાક વેરિએન્ટ તરીકે સામે આવી રહ્યો છે. ટેડ્રોસે કહ્યુ કે ઉત્તરી અમેરિકા અને

● અનુસંધાન પાન-૬ પર

પુંડુચેરીમાં ૨૦ બાળકો કોરોના થતાં હોસ્પિટલમાં

બીજી લહેર ગઈ નથી ત્યાં ત્રીજી લહેરના ભણકારા : વાયરસગ્રસ્ત બાળકોની ઉંમર અને તેમનામાં કેવા લક્ષણો જોવા મળ્યા છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે

પુડુચેરી, તા.૧૫

કોરોના વાયરસની બીજી લહેર ગયા બાદ ત્રીજી ક્યારે આવશે કે હવે નહીં આવે તે અંગે ઘણાં એક્સપર્ટ્સ દ્વારા પોતાના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ત્રીજી લહેર વધારે ગંભીર હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ બધાની વચ્ચે પુડુચેરીથી એક કોરોનાને લગતા સમાચાર આવ્યા છે, જે લોકોને કોરોનાની ગંભીરતા અને ત્રીજી લહેરની સંભાવના અંગે સચેત રહેવું કેટલું જરુરી છે તેનું ભાન કરાવે છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં ૨૦ બાળકો કોરોના પોઝિટિવ આવ્યા પછી તેમને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. ૨૦ બાળકો કે જેમનો ટેસ્ટ ગુરુવારે કોરોના પોઝિટિવ આવ્યા પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે હેલ્થ અને ફેમિલી વેલફેરના ડિરેક્ટર મોહન કુમારે જણાવ્યું છે કે, ૨૦ બાળકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પુડુચેરીમાં જે ૨૦ બાળકો કોરોના પોઝિટિવ આવ્યા છે તેમને સારવાર માટે કાદિરકમામમાં આવેલી ઈન્દિરા ગાંધી સરકાર મેડિકલ કૉલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બાળકોની ઉંમર અને તેમનામાં કેવા લક્ષણો જોવા મળ્યા છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

મહત્વનું છે કે પુડુચેરીમાં કોરોનાના ૨૪ કલાકમાં વધુ ૧૦૩ કેસ નોંધાયા છે. જેની સાથે અહીં કોરોનાના કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૧,૧૯,૪૦૫ થઈ ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૧,૭૭૩ થઈ ગયો છે.

દેશમાં સતત ત્રીજા દિવસે કેસ વધ્યા

ત્રીજી લહેરની શક્યતા વચ્ચે ચિંતાજનક સમાચાર : છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૧૮૦૦ દર્દીઓ નોંધાયા : ૫૮૧ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો

નવી દિલ્હી, તા.૧૫

કોરોનાની ત્રીજી લહેરની શક્યતા વચ્ચે ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના કેસમાં થઈ રહેલા વધારાના પગલે ચિંતા વધી છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૧૮૦૦ દર્દીઓ નોંધાયા છે અને ૫૮૧ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.જ્યારે ૩૯૦૦૦ લોકોએ કોરોનાને માત આપીને સાજા થયા છે. સાત દિવસ બાદ નવા દર્દીઓની સંખ્યા જોકે સાજા થનારા દર્દીઓની સંખ્યા કરતા વધી છે. હવે ભારતમાં કોરોનાના કુલ ૩.૦૯ કરોડ કેસ અત્યાર સુધીમાં નોંધાઈ ચુકયા છે.જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ૪.૩૨ લાખ પર પહોંચી છે. કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના કહેવા પ્રમાણે ગુરુવારે સવારે આઠ વાગ્યા સુધીના આંકડા પ્રમાણે છેલ્લા ચોવીસ કલાકમાં ૧૯.૪૩ લાખ લોકોના સેમન્પલ લેવાયા હતા અને તેમાંથી ૪૧૮૦૦ લોકો પોઝિટિવ આવ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાની ચકાસણી માટે ૪૩ કરોડ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે.

પંજાબનું કોકડું ઉકલ્યું : કેપ્ટન સીએમ : સિધ્ધુ પ્રદેશ અધ્યક્ષ

પંજાબ કોંગ્રેસનો વિવાદ શાંત પડવાના અણસાર : નવજોત સિદ્ધૂ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ બનશે તો કોંગ્રેસ દ્વારા બે કાર્યકારી અધ્યક્ષોની રણનીતિ તૈયાર રખાઈ છે

ચંડીગઢ, તા.૧૫

પંજાબ કોંગ્રેસમાં હવે વિવાદ શાંત પડી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પંજાબ કોંગ્રેસના પ્રભારી હરીશ રાવતે સંકેત આપ્યો કે નવજોત સિંહ સિદ્ધૂ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ હોઈ શકે છે. રાવતે જણાવ્યું કે પંજાબ કોંગ્રેસને લઈને ફોર્મૂલા નક્કી કરી લેવામાં આવી છે. મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ અને નવજોત સિંહ સિદ્ધૂ મળીને પાર્ટી માટે કામ કરશે. જાણવા મળી રહ્યું છે કે નવજોત સિંહ સિદ્ધૂ અધ્યક્ષ તથા કેપ્ટન અમરિંદર સિંહ કેમ્પેન કમિટીના ચેરમેન હશે, જ્યારે વિજય ઇંદર સિંગલા તથા સંતોખ ચૌધરી કાર્યકારી અધ્યક્ષ હશે. પ્રતાપ સિંહ બાજવા મેનિફેસ્ટો કમિટીના ચેરમેન હશે. આ નામોની ગમે ત્યારે જાહેરાત થઈ શકે છે. મહત્વનું છે કે છેલ્લા કેટલાક સમયથી ચર્ચાઓ ચાલી રહી હતી કે કોંગ્રેસ હાઈકમાન્ડે નવજોત સિંહ સિદ્ધૂને પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાનો નિર્ણય કરી લીધો છે. ગમે ત્યારે તેની જાહેરાત થઈ શકે છે.

દેશમાં આઝાદીના ૭૫ વર્ષે પણ રાજ્યદ્રોહનો કાયદો જરૂરી? : સુપ્રીમ

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે સવાલ ઊઠાવ્યો : સરકારે અનેક જૂના કાયદા રદ કર્યા છે તો આ કાયદા અંગે કેમ નથી વિચારતી એવો ચીફ જસ્ટિસનો સવાલ

નવી દિલ્હી, તા.૧૫

રાજદ્રોહના કાયદાને લઈ સુપ્રીમ કોર્ટમાં હાલ સુનાવણી

ચાલી રહી છે. આ દરમ્યાન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એનવી રમનાએ કહ્યું કે જો કોઈ પાર્ટી બીજા પક્ષની સલાહ નથી માનતું તો તેમના વિરુદ્ધ એકદમ સરળતાથી રાજદ્રોહના કાયદાનો ઉપયોગ કરી શકે છે.કેન્દ્ર તરફથી જર્નલે કહ્યું કે આઈપીસીની કલમ ૧૨૪એ ના કાયદાને રદ્દ કરવો જોઈએ નહીં. તેની જરૂરિયાત દેશમાં એકતા જાળવી રાખવા માટે છે.

સીજેઆઈ એનવી રમનાએ જર્નલ કે કે વેણુગોપાલને કહ્યું કે તમારી સરકારના ઘણા જૂના કાયદા રદ કરી દીધા છે તો પછી મને એ નથી સમજાઈ રહ્યું કેતમારી સરકાર ૧૨૪ની કલમને રદ કરવાનું કેમ નથી વિચારી રહી? સામે કેન્દ્ર તરફથી જર્નલે રાજદ્રોહ કાયદાને રદ કરવાનો વિરોધ કર્યો. ત્યારે સીજેઆઈ એ પૂછ્યું કે શું આઝાદીના ૭૫ વર્ષ પછી પણ આ કાયદો જરૂરી છે? આ તો માત્ર બ્રિટિશ કાયદો છે. જેનો ઉપયોગ બ્રિટિશ હુકુમકારોએ આઝાદી માટેનો વિરોધ કરવા વાળા લોકો પર કર્યો હતો. જેમના વિરુદ્ધ આ ગુના દાખલ કરવામાં આવ્યા તેમાં મહાત્મા ગાંધી અને બાલ ગંગાધર તિલક પણ છે. વધુમાં તેમણે એક ઉદાહરણ આપ્યું. તેમણે આરી સાથે આ નિયમની સરખામણી કરી . તેમેને કહ્યું કે કોઈને ફર્નિચર બનાવવા માટે એક ઝાડ કાપવાનું કહ્યું હતું પણ આખું જંગલ કાપી નાખ્યું.

કેન્દ્ર તરફથી જર્નલે કહ્યું કે આઈપીસીની કલમ ૧૨૪એ ના કાયદાને રદ્દ કરવો જોઈએ નહીં. તેની જરૂરિયાત દેશમાં એકતા જાળવી રાખવા માટે છે. તેનો ઉપયોગ કરવા માટે કોઈ ગાઈડલાઈન બનાવવામાં આવે જેથી આ કાયદાની ઉપયોગિતા અને તેનો ઉદ્દેશ કાયમ બન્યો રહે.

૨૦૨૨ માં જીડીપી વૃદ્ધિ દર ૧૦.૫ ટકા હોઈ શકે છે : શક્તિકાંત દાસ

મુંબઈ,તા.૧૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે આરબીઆઈ દ્વારા અંદાજવામાં આવેલા જીડીપી વૃદ્ધિ દર ૧૦.૫ ટકા છે. તેમણે કહ્યું કે, વૃદ્ધિની આગાહીને ઓછી આંકવા માટે મને કોઈ કારણ દેખાતું નથી.

એપ્રિલમાં યોજાયેલી નાણાકીય નીતિ સમીક્ષામાં, રિઝર્વ બેંકે ૨૦૨૧-૨૨ દરમિયાન આર્થિક વૃદ્ધિદર ૧૦.૫ ટકા રહેવાની ધારણા કરી હતી. એ જાણવું રહ્યું કે પાછલા નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૨૦-૨૧માં દેશની જીડીપી ૭.૩ ટકા ઘટી હતી. ગયા નાણાકીય વર્ષમાં તીવ્ર ઘટાડા સાથે શરૂઆત થઈ હતી, ત્યારે ચોથા ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર વૃદ્ધિ પાથ પર પાછો ફર્યો હતો અને જાન્યુઆરી-માર્ચ ૨૦૨૧ ક્વાર્ટરમાં ૧.૬ ટકાની વૃદ્ધિ હાંસલ કરી હતી. તાજેતરમાં જ આરબીઆઈએ અનુમાન લગાવ્યું હતું કે દેશમાં બીજી લહેરને કારણે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઉત્પાદનમાં બે લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. આર્થિક આઉટપુટના નુકસાનનો જીડીપી સાથે સીધો સંબંધ ન હોઈ શકે, પરંતુ તે અર્થવ્યવસ્થામાં મૂલ્યવર્ધનમાં થતા નુકસાનને નિર્દેશ કરે છે.

હાઉસ રેન્ટ અલાઉન્સ/કેન્દ્ર સરકારના ૪૮ લાખ કર્મચારીઓને ડબલ ફાયદો, ડીએમાં વધારા બાદ એચઆરએમાં પણ વધારો ગયા મહિને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓએ એક લેખમાં જણાવ્યું હતું કે કોવિડ -૧૯ રસીકરણની ગતિ અને આર્થિક પુનરુત્થાનનો માર્ગ નક્કી કરશે.

સેનાને શાકભાજી સપ્લાય કરનાર પાક. જાસૂસ જબ્બે

દિલ્હી પોલીસનું રાજસ્થાનમાં સફળ ઓપરેશન : હબીબ ખાનની પૂછપરછમાં જાસૂસીનું મોટું રેકેટ ઝડપાય અને બીજા પણ લોકોની ધરપકડ થાય તેવી શક્યતા

પોખરણ,તા.૧૫

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ માટે જાસૂસી કરનાર એક શખ્સની

રાજસ્થાનનાં પોખરણમાં ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે કરી છે. પકડાયેલા આરોપીની ઓળખ રાજસ્થાનનાં બીકાનેરનો રહેવાસી હબીબુર રહેમાન તરીકે થઈ છે.

મળી રહેલી માહિતી અનુસાર, હબીબુર રહેમાન પોખરણમાં સૈન્ય ક્ષેત્રની અંદર શાકભાજી વેચતો હતો. આ સાથે હબીબુર રહેમાન પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈને ઘણી ગુપ્ત માહિતી લિક કરતો હતો. હાલ ક્રાઈમ બ્રાંચની ટીમે પોખરણમાંથી હબીબુર રહેમાનને પકડી લીધો છે અને તેને દિલ્હી લાવવામાં આવ્યો છે, જ્યાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. હબીબુરની ધરપકડ બાદ દિલ્હી પોલીસે તેની સામે ઓફિશિયલ એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી છે.

● અનુસંધાન પાન-૬ પર

વડાપ્રધાન મોદીની વારાણસીને ૧૫૦૦ કરોડની ભેટ

વડાપ્રધાને ગંગામાં રો-રો સર્વિસ અને રુદ્રાક્ષ કન્વેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું : ઉ.પ્રદેશમાં હવે કાયદાનું રાજ, વિકાસવાદથી ચાલે છે સરકાર : ઉત્તર પ્રદેશે કોરોના ફેલાતો રોકવા અભૂતપૂર્વ કામ કર્યું, જે બીમારીઓના ઇલાજ માટે દિલ્હી-મુંબઇ જવું પડતું હતું તેની સારવાર હવે કાશીમાં ઉપલબ્ધ

લખનઉ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીનો પ્રવાસ કર્યો હતો. જ્યાં વડાપ્રધાને ૧૫૦૦ કરોડની યોજનાઓ લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા હતા. તે બાદ વડાપ્રધાને સ્થાનિક લોકોને સંબોધિત કર્યા હતા.

વડાપ્રધાન મોદીએ રુદ્રાક્ષ કન્વેશન સેન્ટરનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું કે કાશી તો સાક્ષાત શિવ છે. હવે છેલ્લા ૭ વર્ષમાં ઘણા વિકાસના પ્રોજેક્ટ્સ દ્વારા કાશીનો શ્રુંગાર થઈ રહ્યો છે, તો રુદ્રાક્ષ વિના આ શ્રુંગાર કેવી રીતે પૂર્ણ થઈ શકે?

હવે કાશીએ આ રુદ્રાક્ષ ધારણ કરી લીધો છે, તો કાશીનો વિકાસ વધુ ચમકશે અને કાશીની સુંદરતામાં વધુ વધારો થશે. મને પૂરો વિશ્વાસ છે કે મહાદેવના

આશીર્વાદથી આવતા દિવસોમાં આ સેન્ટર કાશીને નવી ઓળખ આપશે અને કાશીના વિકાસને નવી ગતિ આપશે.

રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરના નિર્માણમાં મદદ કરનાર જાપાનના વખાણ કરતાં મોદીએ કહ્યું કે આજના કાર્યક્રમમાં વધુ એક નામ લેવાનું હું નહીં ભૂલી શકું. જાપાનથી જ મારા મિત્ર શિંઝો આબે જી. રુદ્રાક્ષના વિચાર ઉપર મેં તેની સાથે લાંબી ચર્ચા કરી. તેમણે તરત જ તેના અધિકારીઓને આ વિચાર પર કામ કરવા જણાવ્યું. તેમની સંસ્કૃતિ છે પરફેકશન અને આયોજન. આની સાથે જ તેના પર કામ શરૂ થયું અને આજે આ ભવ્ય ઈમારત કાશીની સુંદરતા વધારી રહી છે.

આ પહેલા કાશીના સ્ટ્રૅમાં વડાપ્રધાને ૧૫૦૦ કરોડની વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. તેમણે પોતાના ભાષણમાં ઉત્તર પ્રદેશ સરકારની ખૂબ જ પ્રશંસા કરી હતી. તેમણે વિપક્ષ પર પણ નિશાન સાધ્યું હતું.

મોદીએ ભારત માતની જય અને હરહર મહાદેવ બોલ્યા પછી પોતાની વાત શરૂ કરી. તેમણે કાશીના લોકો સાથે મૈથિલીમાં વાત કરતા કહ્યું કે લાંબા સમય પછી આપ બધાની સાથે સીધી મુલાકાતની તક મળી. કાશના તમામ લોકોને પ્રણામ. સમસ્ત લોકોના દુ:ખ હરનાર ભોલેનાથ, માતા અન્નપૂર્ણાને પ્રણામ.